For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### મ્યુનિ.કમિશનર અરુણ મહેશ બાબુએ અધિકારીઓ સાથે બેઠક યોજી વિકાસકાર્યોની ગુણવત્તા ચકાસવા સૂચના આપી

# ‘વન ડે વન રોડ’ અભિયાન હવે વધુ તેજ બનશે, સફાઈ સાથે દબાણ હટાવવાની પણ ઝૂંબેશ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેરમાં વિકાસકાર્યોને ગતિ આપવા અને સ્વચ્છતા જાળવવા માટે વડોદરા મહાનગરપાલિકા ખાતે મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ રિવ્યુ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં શહેરના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા, જેમાં આગામી સમય માટેની રણનીતિ અને ચાલુ પ્રોજેક્ટ્સની સમીક્ષા કરવામાં આવી હતી.

નાણાકીય વર્ષના અંતિમ તબક્કામાં હોવાથી વેરા વસૂલાત પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું




છે. કમિશનરે જણાવ્યું કે અત્યાર સુધીમાં 60,000 થી વધુ નોટિસ ફટકારવામાં આવી છે અને હજારો મિલકતો સીલ કરવામાં આવી છે. 31મી માર્ચ સુધીમાં બાકી રહેલા 11-12 કરોડના વેરાની વસૂલાત કરવા વોર્ડ ઓફિસર અને રેવન્યુ ઓફિસરને કડક સૂચના આપવામાં આવી છે.

રસ્તા, પાણી અને ડ્રેનેજ સંબંધિત કામોની સમીક્ષા કરતા કમિશનરે સ્પષ્ટ કર્યું હતું કે, કામ પૂરું થયા પછી રોડને તેની મૂળ સ્થિતિમાં લાવવો અનિવાર્ય છે. પેચવર્ક દરમિયાન રોડ લેવલ જળવાઈ રહે અને નાગરિકોને મુશ્કેલી ન પડે તેની ખાસ કાળજી રાખવા એન્જિનિયરોને તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત, આગામી સમયમાં ‘બ્લુ બોન્ડ’ અને ‘ગ્રીન બોન્ડ’ દ્વારા પર્યાવરણલક્ષી પ્રોજેક્ટ્સ માટે ફંડિંગ મેળવવાની દિશામાં પણ પાલિકા કામ કરી રહી છે.

નવલાખવાલા કમિટીના માર્ગદર્શન હેઠળ વિશ્વામિત્રી નદીના ડાયવર્શન અને સફાઈની કામગીરી શરૂ કરવામાં આવશે. શહેરના તળાવોની સફાઈમાં સ્થાનિક એનજીઓ, શાળાઓ, કોલેજો અને પર્યાવરણ પ્રેમીઓને જોડવામાં આવશે.

શહેરને સ્વચ્છ રાખવા માટે સિવિક સેન્સ કેળવવા પર ભાર મૂકતા કમિશનરે જણાવ્યું કે, પાન-ગલ્લા અને ચાની દુકાનો પાસે ડસ્ટબિન રાખવા ફરજિયાત કરાશે. જાહેર રોડ કે ડિવાઈડર પર ગંદકી કરનાર કે પિચકારી મારનાર સામે આગામી દિવસોમાં દંડનીય કાર્યવાહી વધુ કડક બનાવવામાં આવશે. હોળીના તહેવારને ધ્યાનમાં રાખીને ફૂડ વિભાગને પણ મીઠાઈ અને ખાદ્ય પદાર્થોના ચેકિંગ માટે સક્રિય રહેવા સૂચના આપી છે.

### પ્રભુ સોલંકીની પત્નીનો આક્ષેપ : 5 કિલો સોનું અને જમીન બળજબરીથી લખાવી લીધી

# રૂ.49 લાખની સામે રૂ.90 લાખ વસૂલ્યા બાદ પણ વ્યાજખોરોની ઉઘરાણી ચાલુ

**ચેક** બાઉન્સ કર્યાં અને કોર્ટ કેસમાં ફસાવી દેવાની ધમકી આપતા મહિલાએ બે લોકો સામે ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ) વડોદરા તા.3

આજવા રોડ વિસ્તારમાં રહેતી ‘ગોલ્ડન મેન’ તરીકે ઓળખાતા પ્રભુ સોલંકીની પત્નીએ વ્યાજખોરો સામે ગંભીર આક્ષેપો કર્યાં છે. રૂ.49 લાખની રકમ સામે અત્યાર સુધી રૂ.90 લાખ જેટલી રકમ વ્યાજખોરો વસૂલી લીધી હોવા છતાં હજુ વધુ વ્યાજની પઠાણી ઉઘરાણી કરવામાં આવી રહી છે. સહી કરેલો ચેક બેન્કમાં બાઉન્સ કરાવી ફસાવી દેવાની ધમકી પણ આપી હતી. જેથી મહિલાએ બે લોકો સામે ફરિયાદ નોંધાવી છે.

વડોદરા શહેરના આજવા રોડ પર મહાવીર હોલ ચાર રસ્તા પાસે આવેલી કલ્યાણ નગર સોસાયટીમાં રહેતા ગોલ્ડન મેનની પત્ની પાર્વતીબેન પ્રભુભાઈ સોલંકી પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ વ્યાજખોરોએ આશરે ચારથી પાંચ કિલો જેટલા સોનાના દાગીના ગીરવે રાખ્યા બાદ પણ પચાવી પાડ્યા છે. ઉપરાંત બાપોદ ગામની જમીનનો દસ્તાવેજ પણ બળજબરીપૂર્વક કરાવી લીધો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. તેમના પતિ જેલમાં મળવા જવાની ઉતાવળ હોય તેમની સહી કરાવેલા ચાર ચેકોમાંથી બે ચેકમાં મોટી રકમ રૂ.59.08 લાખ લખી બેન્કમાં જમા કરાવી બાઉન્સ કરાવ્યા હતા અને કોર્ટ કેસમાં ફસાવી દેવાની ધમકી આપવામાં આવી હતી.

મહિલાનો આક્ષેપ છે કે મૂળ રકમ કરતા બમણા નાણાં વસૂલ્યા છતાં હજુ પણ વધુ રકમની માંગણી કરવામાં આવે છે. બાપોદની જમીન તથા ફતેપુરા વિસ્તારમાં આવેલી દુકાનના દસ્તાવેજ અને પાંચકિલો ઉપરાંતના સોનાના દાગી મળી રૂ.2.05 કરોડ જેટલી રકમ બાકી નીકળે છે. ઉપરાંત તેમનું સોનું પણ પચાવી પાડવામાં આવ્યું પરંતુ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી નથી. આમ બંને વ્યાજખોરોએ મારા પતિને આપેલા રૂપિયા 49 લાખ સામે 90 લાખ વસૂલી લીધા હોવા છતાં હજુ પણરૂપિયાની વ્યાજખોરો ઉઘરાણી કરી રહ્યા છે. પોલીસે મહિલાની ફરિયાદના આધારે સમીર અરવિંદ પટેલ (રહે. ન્યૂ વી.આઈ.પી. રોડ) અને અરવિંદ શનાભાઈ પટેલ (રહે.ગોરવા) સામે ગુનો નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સ્કૂલોને માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખી તમામ જરૂરી દસ્તાવેજો તૈયાર રાખવા સૂચના

# શૈક્ષણિક વર્ષ 2026-27 માટે CBSE દ્વારા એફિલિએશનને લઈને પોર્ટલ ઓપન કરાયું

**નવી શાળાની** વધારાના વર્ગોની મંજૂરી, બે શિફ્ટની પરવાનગી માટે સ્કૂલોએ 31 જુલાઈ સુધી ઓનલાઈન અરજી કરવી પડશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન સંલગ્ન સ્કૂલોના શૈક્ષણિક વર્ષ 2026-27 માટે એફિલિએશનને લઈને પોર્ટલ ઓપન કરવામાં આવ્યું છે. તેમાં નવી શાળાની મંજૂરી, બે શિફ્ટની પરવાનગી, વધારાના વર્ગોની મંજૂરી માટે સ્કૂલોએ 31 જુલાઈ સુધી ઓનલાઈન અરજી કરવી પડશે. આ ઉપરાંત, સ્કૂલના નામમાં ફેરફાર, સ્કૂલ બંધ કરવા તથા સ્થળ ફેરફાર સહિતની મંજૂરી માટે વર્ષ દરમિયાન ગમે ત્યારે ઓનલાઈન અરજી કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. સ્કૂલોએ અરજી કરતા પહેલા સીબીએસઈના બાય-લોઝનો અભ્યાસ કરી અરજી કરવાની રહેશે.

સીબીએસઈદ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27 માટે સ્કૂલ એફિલિએશન પોર્ટલ ખુલ્લું કરાયું છે. સ્કૂલોના મેનેજમેન્ટ અને સંચાલકો આ ઓનલાઈન પ્લેટફોર્મ મારફતે પોતાની એફિલિએશન સંબંધિત અરજી, તમામ જરૂરી દસ્તાવેજો અને માહિતી સાથે સબમિટ કરી શકે છે. બોર્ડ દ્વારા અમુક કેટેગરી માટે અરજી કરવાની અંતિમ તારીખ 31 જુલાઈ, 2026 રાખવામાં આવી છે, જ્યારે કેટલાક મામલાઓ માટે વર્ષ દરમિયાન ગમે ત્યારે અરજી કરી શકાય તેવી વ્યવસ્થા છે. આ વર્ષે સ્કૂલોએ વિવિધ 14 કેટેગરી માટે અરજી કરવાની રહેશે. જેમાં માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક માટે નવી એફિલિએશન, બીજા બોર્ડમાંથી સીબીએસઈમાં ટ્રાન્સફર થવા માટેની અરજી, સ્કૂલોના અપગ્રેડેશન, એફિલિએશનના એક્સટેન્શન, રિસ્ટોરેશન ઓફ એફિલિએશન, બે શિફ્ટ ચલાવવાની પરવાનગી, વિભાગોની સંખ્યા વધારવા અને વધારાના વિષયોના સમાવેશ માટેની મંજૂરી માટે 31 જુલાઈ સુધી અરજી કરવાની રહેશે. આ ઉપરાંત, અમુક અરજીઓ સ્કૂલ વર્ષ દરમિયાન ગમે ત્યારે કરી શકે છે. જેમાં માધ્યમિક શાળાના પાઠ્યક્રમ માટે મંજૂરી, સ્કૂલ બંધ કરવા, જમીનની મર્યાદા સુધારવા, સ્કૂલના નામમાં ફેરફાર, સંચાલન સંસ્થા/ટ્રસ્ટનું નામ બદલાવવું અથવા હસ્તાંતરણ, અને સ્થળ ફેરફારની મંજૂરી માટે વર્ષ દરમિયાન ગમે ત્યારે અરજી કરી શકાય છે. સીબીએસઈ નોટિફિકેશનમાં સ્પષ્ટતા કરાઈ છે કે દરેક અરજી સીબીએસઈના એફિલિએશન બાય-લોઝ અને સારસ મેન્યુઅલ મુજબ કરવામાં આવવી જોઈએ. પરિણામે, સ્કૂલોએ અરજી સબમિટ કરતા પહેલા આ માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખવું અને તમામ જરૂરી દસ્તાવેજો તૈયાર રાખવા સૂચના આપવામાં આવી છે.

# ધૂળેટીમાં મહીસાગર નદીમાં નહાવા પર પ્રતિબંધ, છતાં ગયા તો કાર્યવાહી થશે

**પબ્લિક** અનાઉન્સમેન્ટ સિસ્ટમ દ્વારા પોલીસની લોકોને જળાશયોથી દૂર રહેવા સૂચના

(પ્રતિનિધિ) વડોદરા તા.3

ધૂળેટીના તહેવાર દરમિયાન નદી અને તળાવ સહિતના જળાશયોમાં લોકોના ડૂબી જવાના બનાવો બનતા હોય છે. નાગરિકોની સુરક્ષાને ધ્યાને રાખીને વડોદરા શહેર પોલીસ દ્વારા મહીસાગર નદી અને તેની આસપાસના જળાશયોમાં નહાવા કે ઉતરવા પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે. જો આ આદેશનું પાલન નહીં કરીને જળાશયોમાં નહાવા માટે જશે તેમના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવી ચીમકી પોલીસ દ્વારા ઉચારવામાં આવી છે.

ધૂળેટીના તહેવાર દરમિયાન મોટી સંખ્યામાં યુવકો સહિતના લોકો નદીઓ, તળાવો અને નહેરોમાં નહાવા માટે જાય છે અને તેમાંથી ઘણાખરા લોકોના ડૂબી જવાના કારણે મોત થાય છે. ત્યારે આવા બનાવોનું ફરી તહેવાર દરમિયાન પુનરાવર્તન ના થાય તેના માટે વડોદરા પોલીસ કમિશનર નરસિમ્હા કોમર તથા એડિશનલ પોલીસ કમિશનર ડો.લીના પાટીલ દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરીને મહીસાગર નદીના કિનારાના વિસ્તારો જેવા કે ફાજલપુર, મહીપુરી માતા મંદિર અને રાયકા ખાતે નદીમાં ઉતરવા કે નહાવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. આ જાહેરનામું 4 માર્ચ ધૂળેટીના દિવસ માટે અમલી રહેશે.

નંદેસરી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.એ.વાઘેલાની સુચના અન્વયે પોલીસ દ્વારા આ વિસ્તારોમાં સતત પેટ્રોલીંગ કરવામાં આવશે. પોલીસે પબ્લિક અનાઉન્સમેન્ટ સિસ્ટમ દ્વારા લોકોને જળાશયોથી દૂર રહેવા જાહેરાત કરતી સૂચના આપવામાં આવી રહી છે. જો કોઈ વ્યક્તિ આ જાહેરનામાનો ભંગ કરીને નદીમાં સહિતના કુદરતી જળાશયોમાં નહાવા માટે જશે તો તેની સામે કાયદેસરની પોલીસ કાર્યવાહી કરવામાં આવશે.

### આગામી 6 માર્ચે યોજાનાર બાર કાઉન્સિલની ચૂંટણીમાં મજાક?

# 50 જણાના સ્ટાફનો નાસ્તો પણ ન આવે એટલા નજીવા ખર્ચમાં ચૂંટણી યોજવા આદેશ!

**વડોદરાના** 8 બૂથ અને 4700 મતદારોની વ્યવસ્થા સામે માત્ર રૂ.7300 ફાળવાતા ચૂંટણી કમિશનર લાલઘૂમ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરામાં આગામી 6 માર્ચના રોજ યોજાનારી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણી પહેલા મોટો વિવાદ ઊભો થયો છે. અપૂરતા ફંડના કારણે ચૂંટણીની કામગીરી અને વ્યવસ્થાઓ કરવા સામે પ્રશ્નાર્થ ચિન્હ મુકાયું છે. દિવાળીપુરા સ્થિત એડવોકેટ હાઉસ ખાતે વડોદરા બાર એસોસિએશન દ્વારા એક પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી, જેમાં ચૂંટણીના ખર્ચ અને સમય મર્યાદાને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

ચૂંટણી કમિશનર રોહિત શાહ અને તેમની ટીમે પત્રકારોને સંબોધતા જણાવ્યું હતું કે, બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા ચૂંટણી સામગ્રીની સાથે ખર્ચ પેટે માત્ર 7300 રૂપિયાનું કવર મોકલવામાં આવ્યું છે. વડોદરામાં અંદાજિત 4700 થી 5000 જેટલા મતદારો (વકીલો) છે. આટલી મોટી સંખ્યામાં મતદારો માટે વ્યવસ્થા કરવી, 8 જેટલા બૂથ બનાવવા અને સ્ટાફની ફાળવણી કરવી આ રકમમાં અશક્ય છે.

ચૂંટણી પ્રક્રિયા દરમિયાન પોલિંગ સ્ટાફ, પોલીસ કર્મચારીઓ અને વ્યવસ્થામાં રોકાયેલા અંદાજે 50 થી વધુ વ્યક્તિઓના ચા-નાસ્તા અને જમવાની વ્યવસ્થા કરવાની હોય છે. આ ઉપરાંત ટેબલ-ખુરશી અને અન્ય આનુષંગિક વ્યવસ્થાઓનો ખર્ચ જોતા 7300 રૂપિયાની રકમ ખૂબ જ ઓછી છે. ચૂંટણી અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે આટલી રકમમાં આખી પ્રક્રિયા પૂર્ણ કરવી શક્ય નથી, જેને લઈને સમગ્ર ગુજરાતમાં પણ વિવાદના સૂર ઉઠ્યા છે.

ચૂંટણીના સમયને લઈને પણ વકીલોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. વડોદરા જેવા મોટા સેન્ટરોમાં સમય વધુ ફાળવાયો છે, પરંતુ સાવલી, પાદરા, ડભોઈ અને કરજણ જેવા તાલુકા મથકોએ મતદાન માટે માત્ર 12 થી 2 વાગ્યા સુધીનો સમય આપ્યો હોવાનું જણાવાયું છે. વકીલ મંડળની માંગ છે કે કોર્ટના કામકાજના સમય મુજબ સવારે 10 થી સાંજના 6 વાગ્યા સુધીનો સમય રાખવો જોઈએ જેથી વધુમાં વધુ વકીલો મતદાન કરી શકે.

વડોદરા બાર એસોસિએશને હાલ પૂરતી ચૂંટણી સામગ્રી સ્વીકારવાનો ઈનકાર કરી પરત કરી છે અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને પત્ર લખીને જાણ કરી છે. જો યોગ્ય આર્થિક સહયોગ અને વ્યવસ્થા પૂરી પાડવામાં નહીં આવે તો 6 માર્ચની ચૂંટણી યોજવા સામે મુશ્કેલી ઊભી થઈ શકે છે.

### GCERTનો પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારીને પરિપત્ર

# 10 માર્ચ સુધીમાં સ્વ-મૂલ્યાંકન પૂર્ણ કરી બાહ્ય મુલ્યાંકન શરૂ કરવા તાકીદ

**શિક્ષણ** વિભાગના આ પગલાંને કારણે બાલવાટિકા અને પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓમાં મૂળભૂત કૌશલ્યો મજબૂત બનશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા નિપુણ ભારત મિશન અંતર્ગત બાલવાટિકા તેમજ ધોરણ-1 અને 2માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સ્વમૂલ્યાંકન કાર્યક્રમ યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારીને પરિપત્ર પાઠવ્યો છે. જેમાં 10 માર્ચ સુધીમાં આ સ્વ-મૂલ્યાંકન પૂર્ણ કરવા માટે તાકીદ કરાઈ છે. ત્યારબાદ બાહ્ય મૂલ્યાંકનની કામગીરી હાથ ધરવામાં આવશે.

રાજ્યની શાળાઓએ સ્વમૂલ્યાંકન પૂર્ણ કર્યા બાદ તેના પરિણામની એન્ટ્રી વિદ્યા સમીક્ષા કેન્દ્રના પોર્ટલમાં કરવાની રહેશે. જીસીઈઆરટી દ્વારા દર વર્ષે નિપુણ ભારત અંતર્ગત બાલવાટિકા, ધોરણ-1 અને ધોરણ-2માં બાળકોની શૈક્ષણિક સિદ્ધિ અંગેનું સર્વેક્ષણ હાથ ધરવામાં આવે છે. આ સર્વેક્ષણ અંતર્ગત જીસીઈઆરટી દ્વારા તૈયાર કરવામાં આવેલા ઉપકરણ મુજબ દરેક શિક્ષકોએ પોતાના વર્ગના બધા બાળકોનું સ્વમૂલ્યાંકન 10 માર્ચ સુધીમાં પૂર્ણ કરવા આદેશ અપાયો છે. હાલમાં સ્કૂલોમાં આ સર્વેક્ષણની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે અને 10 માર્ચ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. વિભાગે સ્પષ્ટ સૂચના આપી છે કે, માર્ચ મહિનામાં બાદનું મૂલ્યાંકન પણ શક્ય તેટલું વહેલું પૂર્ણ કરી તેની નોંધ સમયસર કરવાની રહેશે. હાલમાં જીસીઈઆરટી દ્વારા સ્વમૂલ્યાંકન માટેની કામગીરી શરૂ કરી છે. જોકે, આ કામગીરી પૂર્ણ થયા બાદ માર્ચ માસમાં જ બાહ્ય મૂલ્યાંકનનું પણ આયોજન કરવામાં આવનાર છે. જેથી સ્વમૂલ્યાંકનની કામગીરી સમયસર પૂર્ણ થાય તે પ્રકારનું આયોજન કરવા માટે તાકીદ કરાઈ છે. ઉપરાંત શાળાઓને પણ અગાઉથી જ બાહ્ય મૂલ્યાંકન અંગેની જાણકારી આપવા માટે પણ જણાવાયું છે, જેથી તેઓ સ્વમૂલ્યાંકન બરોબર રીતે કરી શકે. આ સાથે જિલ્લા, તાલુકા અને શાળા સ્તરે મળતી માહિતીના આધારે અહેવાલ તૈયાર કરી ઉચ્ચ કક્ષાએ મોકલવામાં આવશે. રાજ્ય સરકારનો ઉદ્દેશ પ્રાથમિક કક્ષાએ જ બાળકોની શૈક્ષણિક પ્રગતિનો સચોટ અંદાજ મેળવી, જરૂરી સુધારાત્મક પગલાં સમયસર અમલમાં મૂકવાનો છે.

## અંગ દઝાડતી ગરમીનો પ્રકોપ, 37.4 ડિગ્રી તાપમાન નોંધાયું

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

વડોદરામાં 2.2 ડીગ્રીના વધારા સાથે મહત્તમ તાપમાન 37.4 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 19.4 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 57 ટકા અને સાંજે 25 ટકા નોંધાયું હતું. ઉત્તરપૂર્વ અરબી સમુદ્ર અને નજીકના ગુજરાતના કિનારા પર અપર સાયક્લોનિક સર્ક્યુલેશન યથાવત છે. ત્યારે, છેલ્લા થોડા દિવસથી તાપમાનમાં વધારો નોંધાઈ રહ્યો છે. વાદળછાયા વાતાવરણને બદલે હવે ધીરે ધીરે આકાશ સ્વચ્છ થઈ રહ્યું છે. સામાન્ય રીતે સવારે અને રાતે ઠંડક લાગે છે. પરંતુ, બપોરે તો તાપમાન વધવાને કારણે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આગામી 48 કલાક દરમિયાન લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ધીમે ધીમે વધારો થશે. ત્યારબાદ કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. 4 થી 6 માર્ચ દરમિયાન ગરમ અને ભેજવાળી હવાને કારણે અસ્વસ્થતા રહેવાની સંભાવના છે. આજથી આગામી આઠમી માર્ચ સુધીમાં હવામાન શુષ્ક રહેશે.

### અમને સ્માર્ટ મીટર જોઈતા જ નથી, જૂના મીટર જ લગાવો”

# પ્રતાપનગરમાં સ્માર્ટ મીટર લગાવવા ગયેલી વીજ કંપનીની ટીમનો ભારે વિરોધ, કામગીરી અટકાવાઈ

**રહેવાસીઓનો** આક્ષેપ: “જાણ કર્યા વગર મીટર કેમ બદલ્યા?

(પ્રતિનિધિ) વડોદરા તા.3

શહેરના પ્રતાપનગર વિસ્તારમાં આવેલા નવગ્રહ એપાર્ટમેન્ટમાં વીજ કંપની દ્વારા પૂર્વ જાણકારી આપ્યા વગર સ્માર્ટ મીટર ઈન્સ્ટોલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવતા સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. રહેવાસીઓના ઉગ્ર વિરોધ અને હોબાળાને પગલે વીજ કંપનીના અધિકારીઓએ અધવચ્ચેથી કામગીરી પડતી મૂકીને પરત ફરવું પડ્યું હતું.

નવગ્રહ એપાર્ટમેન્ટના રહીશોએ જણાવ્યું હતું કે, વીજ કંપની દ્વારા કોઈ પણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા વિના સીધા જ સ્માર્ટ મીટર નાખવાની પ્રક્રિયા



શરૂ કરી દેવામાં આવી હતી. જ્યારે લોકોએ આ અંગે પૃચ્છા કરી ત્યારે અધિકારીઓએ જણાવ્યું હતું કે, “મીટરને 10 વર્ષ પૂર્ણ થયા હોવાથી નિયમ મુજબ બદલવામાં આવી રહ્યા છે.”

ત્યારે રહીશોએ વળતો સવાલ કર્યો હતો કે જો મીટર બદલવા જ હોય તો તેની પેટીઓ કેમ બદલવામાં નથી આવતી? જેના જવાબમાં અધિકારીઓએ જણાવ્યું કે પેટી બદલવાના અલગથી પૈસા ચૂકવવા પડશે, જે સાંભળીને રહીશો વધુ રોષે ભરાયા હતા.

ઘર્ષણ દરમિયાન વીજ કંપનીના અધિકારીઓએ એવું નિવેદન આપ્યું હતું કે આ મીટર વીજ કંપનીની મિલકત ગણાય છે. આ સાંભળીને સ્થાનિકોએ વળતો પ્રહાર કરતા કહ્યું હતું કે,

“અમે વીજ જોડાણ મેળવતી વખતે ડિપોઝિટની રકમ ભરેલી છે. આ મીટર અમને મફતમાં આપવામાં આવ્યા નથી, તેથી આ તમારી મિલકત કેવી રીતે ગણાય? અમે ડિપોઝિટ આપી છે એટલે અમારો પણ તેના પર હક છે.”

રહેવાસીઓએ વિરોધનું મુખ્ય કારણ જણાવતા કહ્યું કે, અગાઉ અનેક જગ્યાએ સ્માર્ટ મીટર લાગ્યા બાદ વીજ બિલમાં ધરખમ વધારો આવ્યો હોવાની ફરિયાદો ઉઠી છે. સોશિયલ મીડિયા અને ન્યૂઝમાં આ બાબતે વારંવાર જોયા બાદ લોકોમાં સ્માર્ટ મીટર પ્રત્યે અવિશ્વાસ જોવા મળી રહ્યો છે. રહીશોની એક જ માંગ છે કે, “અમારા જૂના મીટર બરાબર ચાલે છે અને અમને સ્માર્ટ મીટરની કોઈ જરૂર નથી.” ભારે વિરોધ અને રહીશોના ઉગ્ર તેવર જોતા વીજ કંપનીના અધિકારીઓ માત્ર 3 મીટર બદલી શક્યા હતા અને ત્યારબાદ કામગીરી અટકાવીને ત્યાંથી રવાના થઈ ગયા હતા. રહીશોએ ચીમકી ઉચ્ચારી છે કે, જો હવે પછી જાણ કર્યા વગર સ્માર્ટ મીટર નાખવા માટે કોઈ આવશે તો સખત વિરોધ કરવામાં આવશે અને કોઈ પણ સંજોગોમાં સ્માર્ટ મીટર સ્વીકારવામાં આવશે નહીં.

### આસ્થા અને ખગોળશાસ્ત્રનો અનોખો સંગમ: શ્રદ્ધાળુઓએ મંત્ર-જાપ દ્વારા કરી આરાધના”

# “વર્ષ 2026નું પ્રથમ ચંદ્રગ્રહણ: મંદિરોના દ્વાર બંધ રહ્યા

**પરંપરા** અને શ્રદ્ધા: “સૂતક કાળને પગલે વડોદરા સહિત રાજ્યના સુપ્રસિદ્ધ મંદિરોમાં ઠાકોરજીના દર્શન બંધ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વર્ષ 2026નું પ્રથમ ચંદ્રગ્રહણ આજે આકાશમાં જોવા મળ્યું હતું. ખગોળીય દૃષ્ટિએ મહત્વની ગણાતી આ ઘટનાની ધાર્મિક અસરો પણ જોવા મળી હતી. ગ્રહણના સુતક કાળ અને ગ્રહણના સમયગાળા દરમિયાન વડોદરા શહેર અને આસપાસના વિસ્તારોના સુપ્રસિદ્ધ મંદિરો ભક્તો માટે બંધ રાખવામાં આવ્યા હતા.

પરંપરા અને શાસ્ત્રોક્ત વિધિ મુજબ, ચંદ્રગ્રહણના કલાકો પૂર્વે જ સુતક લાગી જતો હોવાથી સવારથી




જ મંદિરોમાં ઠાકોરજીના દર્શન બંધ કરી દેવામાં આવ્યા હતા. વડોદરાના પ્રખ્યાત ઈસ્કોન મંદિર, ઈએમઈ મંદિર અને અન્ય સ્થાનિક દેવાલયોના દ્વાર બંધ રાખવામાં આવ્યા હતા. ગ્રહણ દરમિયાન મૂર્તિઓને સ્પર્શ ન કરવાની અને પૂજા ન કરવાની પરંપરાને કારણે મંદિરોમાં સન્નાટો જોવા મળ્યો હતો. ધાર્મિક માન્યતા અનુસાર, ગ્રહણના સમયગાળાને મંત્ર સાધના અને ભક્તિ માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. અનેક શ્રદ્ધાળુઓએ ઘરે બેસીને જ ભજન-કીર્તન અને મંત્ર જાપ કર્યા હતા. ગ્રહણ પૂર્ણ થયા બાદ મંદિરોમાં શુદ્ધિકરણની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, ત્યારબાદ જ ભક્તો માટે દર્શન ફરીથી ખુલ્લા મૂકવામાં આવશે. લોકોએ ગ્રહણ મુક્તિ બાદ પવિત્ર સ્નાન અને દાન-પુણ્ય કરવાની પરંપરા પણ નિભાવી હતી.

બીજી તરફ, વિજ્ઞાન અને ખગોળશાસ્ત્રમાં રુચિ ધરાવતા લોકો માટે આ એક અદભૂત નજારો હતો. આકાશમાં થતી આ હિલચાલને નિહાળવા માટે અનેક લોકોએ ટેલિસ્કોપ અને વિશેષ ચશ્માની મદદ લીધી હતી. વૈજ્ઞાનિકોના મતે, પૃથ્વી જ્યારે સૂર્ય અને ચંદ્રની વચ્ચે આવે છે ત્યારે ચંદ્રગ્રહણની સ્થિતિ સર્જાય છે.

આમ, વર્ષના પ્રથમ ચંદ્રગ્રહણે સમગ્ર રાજ્યમાં ક્યાંક ભક્તિ તો ક્યાંક કુતૂહલનો માહોલ સર્જ્યો હતો. ગ્રહણ પૂર્ણ થયા બાદ હવે ફરીથી જનજીવન અને મંદિરોમાં રાબેતા મુજબની હિલચાલ શરૂ થશે.

### સ્વિગી કસ્ટમર કોડવાળા શખ્સે જમા કરાવ્યા રૂ.1700, 1400 થયા રિજેક્ટ

# વાઘોડિયા રોડ ICICI બેંકના CDMમાં રૂ.200ની 7 ડુપ્લીકેટ નોટો ઝડપાઈ

આરબીઆઈ નિયમ મુજબ કાર્યવાહી, ક્રાઈમ બ્રાન્ચે તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

નકલી નોટો દ્વારા ભારતીય અર્થતંત્રને નુકસાન પહોંચાડવાનો વધુ એક ગંભીર પ્રયાસ વડોદરામાં સામે આવ્યો છે. શહેરના વાઘોડિયા રોડ પર આવેલી ICICI બેંકની કેશ ડિપોઝિટ મશીન (CDM)માંથી રૂ.200ની કુલ 7 ડુપ્લીકેટ નોટો ઝડપાઈ છે. આ નોટો સ્વિગી કંપનીના કસ્ટમર કોડવાળા એક શંકાસ્પદ શખ્સે મશીનમાં જમા કરાવી હતી.

બેંક દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, શખ્સે CDMમાં કુલ રૂ.1700 જમા કરાવવાનો પ્રયાસ કર્યો હતો. જેમાંથી રૂ.300 ખાતામાં જમા થયા જ્યારે રૂ.1400 (રૂ.200ની 7 નોટ) મશીન દ્વારા રિજેક્ટ થઈ રિજેક્શન બોક્સમાં જતી રહી હતી.

ICICI બેંક વાઘોડિયા રોડ શાખાના બ્રાન્ચ મેનેજર હીરેનભાઈ રમણીકલાલ શાહે આ મામલે ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી છે. બેંકની ત્રણ CDM મશીનો 24 કલાક ચાલુ રહે છે અને તેનું કેશ પ્રોસેસિંગ તથા મેન્ટેનન્સ CMS સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા કરવામાં આવે છે, જેનું પ્રોસેસિંગ સેન્ટર અટલાદરામાં આવેલું છે. 24 ફેબ્રુઆરીના રોજ કેશ પ્રોસેસિંગ સેન્ટરના હેડ સૌરભપ્રસાદે બેંકને ઈમેલ દ્વારા જાણ કરી હતી કે CDMમાંથી રૂ.200ની 7 નકલી નોટો મળી આવી છે. સાથે મળેલી સ્લિપમાં કસ્ટમર કોડ તેમજ નકલી નોટોના નંબર પણ નોંધાયેલા હતા.

બેંક દ્વારા CCTV ફૂટેજની તપાસ કરતાં 14 ફેબ્રુઆરી રાત્રે 10:17 વાગ્યે એક શખ્સ CDMમાં રોકડ જમા કરતો નજરે પડ્યો છે. આ નોટો પર “Counterfeit Banknote Impounded - ICICI Bank Ltd.” તથા “Forged Note Impounded - ICICI Bank Ltd. Waghodia Branch”ના સ્ટેમ્પ લગાવવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે RBIના નિયમો મુજબ 5 કે તેથી વધુ નકલી નોટો મળી આવે તો કાયદેસર કાર્યવાહી ફરજિયાત હોય છે. આ કારણે બેંકે તમામ 7 ડુપ્લીકેટ નોટો ક્રાઈમ બ્રાન્ચને સોંપી છે. હાલ ક્રાઈમ બ્રાન્ચે નોટો જમા કરાવનાર શખ્સને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે